**ગારીયાધારના મે.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક.સાહેબની કોર્ટમાં,**
**મુ.ગારીયાધાર,જિ.ભાવનગર**

**ફોજદારી કેસ નંબર : ૪૮૯/૨૦૨૫**

**–: આંક–૧ લગત હુકમ :–**

**ફરીયાદી : શ્રી સરકાર**

**વિરૂધ્ધ**

**આરોપીઓ :**

(૧) **ખુશાલભાઈ સવજીભાઈ માણીયા**
ઉ.વ.૩૨, જાતે.પટેલ
રહે.વિરડી રોડ, ગોકુલધામ સોસાયટી, ગારીયાધાર
તા.ગારીયાધાર, જી.ભાવનગર

(૨) **જીગ્નેશભાઈ સવજીભાઈ માણીયા**
ઉ.વ.૩૯, જાતે.પટેલ
રહે.એમ.ડી.પટેલ હાઈસ્કુલની બાજુમાં,
સિતારામનગર, ગારીયાધાર
તા.ગારીયાધાર, જી.ભાવનગર

(૩) **જીલનભાઈ બીપીનભાઈ પારેખ**
ઉ.વ.૪૩, જાતે.જૈન
રહે.સર્વોદય સોસાયટી, બ્લોક નં.૧૧,
વિવેકાનંદ સોસાયટી નજીક, પાલીતાણા
તા.પાલીતાણા, જી.ભાવનગર

**ગુનો :** ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ ની કલમ–૧૨૩, ૩(૫), ૩૩૬(૨), ૩૩૬(૩), ૩૪૦(૨), ૩૪૫(૩), ૫૪ તથા પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૮૧, ૬૭(એ), ૯૮(૨), મુજબ

**–: ક મી ટ લ હુ ક મ :–**

(૧) આ કામે ફરીયાદપક્ષ તરફથી આરોપીઓ સામે ગારીયાધાર પોલીસ સ્ટે. ''એ'' પાર્ટ ગુના રજી.નં.૧૧૧૯૮૦૧૯૨૫૦૩૯૫/૨૦૨૫ ના કામે ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ ની

કલમ–૧૨૩, ૩(૫), ૩૩૬(૨), ૩૩૬(૩), ૩૪૦(૨), ૩૪૫(૩), ૫૪ તથા પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૮૧, ૬૭(એ), ૯૮(૨), મુજબના ગુન્હા અન્વયેનું તહોમત ચાર્જશીટ આંક–૧ થી મુકવામાં આવેલ છે.

(૨) આ કામના આરોપીઓ જયુડીશીયલ કસ્ટડીમાં હોય, તેઓને સદરહું ફરીયાદ/ચાર્જશીટના તમામ પોલીસ પેપર્સની નકલો આપી, તેઓએ સદરહું કામે પોતાનો બચાવ લીગલના વકીલશ્રી અગર તો ખાનગી વકીલશ્રી મારફતે કરવા માંગે છે તે અંગેનો જવાબ **આંક–૦૩ થી આંક–૦૫** થી નોંધવામાં આવતાં, જેમાં તેઓ પોતાનો બચાવ ખાનગી વકીલશ્રી રોકી કરવા માંગતા હોવાનું જણાવે છે.

(૩) સદરહું કામેનું તહોમત ધ્યાને લેતાં ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૨૩ મુજબના ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી કરવાની સત્તા નામદાર સેશન્સ અદાલત, ભાવનગરને હોય, જેથી સદરહું કામ નામ.સેશન્સ અદાલત, ભાવનગર ને કમીટ કરવાનું ઠરાવવામાં આવે છે અને ન્યાયનાં હિતમાં નીચે પ્રમાણેનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

૧. આ કામના આરોપી નં.**(૧) ખુશાલભાઈ સવજીભાઈ માણીયા, ઉ.વ.૩૨, જાતે.પટેલ, રહે.વિરડી રોડ, ગોકુલધામ સોસાયટી, ગારીયાધાર, તા.ગારીયાધાર, જી.ભાવનગર (૨) જીગ્નેશભાઈ સવજીભાઈ માણીયા, ઉ.વ.૩૯, જાતે.પટેલ, રહે.એમ.ડી.પટેલ હાઈસ્કુલની બાજુમાં, સિતારામનગર, ગારીયાધાર, તા.ગારીયાધાર, જી.ભાવનગર (૩) જીલનભાઈ બીપીનભાઈ પારેખ, ઉ.વ.૪૩, જાતે.જૈન, રહે.સર્વોદય સોસાયટી, બ્લોક નં.૧૧, વિવેકાનંદ સોસાયટી નજીક, પાલીતાણા, તા.પાલીતાણા, જી.ભાવનગર** નાઓ સામેનું ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ ની કલમ–૧૨૩, ૩(૫), ૩૩૬(૨), ૩૩૬(૩), ૩૪૦(૨), ૩૪૫(૩), ૫૪ તથા પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૮૧, ૬૭(એ), ૯૮(૨), મુજબનું સદરહું કામ, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૩૨ અન્વયે નામદાર સેશન્સ જજ સાહેબશ્રી,

ભાવનગર તરફ કમીટ કરીને મોકલવામાં આવે છે અને આ કામનું મુદ્દામાલ, અસલ રેકર્ડ અને પ્રોસેડીંગ્સ કમીટલ કેલેન્ડર વિગેરે નામ.સેશન્સ અદાલત ભાવનગર તરફ મોકલી આપવા.

૨. સદરહું કામ કમીટ થયા અંગેની અને મુદત **<u>તારીખ–૨૦/૧૧/૨૦૨૫</u>** ની મુકરર કરવામાં આવેલ હોય, મુદતે આરોપીઓને નામદાર સેશન્સ જજ સાહેબશ્રી, ભાવનગર ખાતે રૂબરૂ હાજર રખાવવા માટે જાણ કરેલ છે.

૩. આ કેસ કમીટ થયાની જાણ સરકારી વકીલશ્રીને કરવી.

હુકમ આજરોજ તારીખ–૦૭, માહે–નવેમ્બર, સને–૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં, વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ :૦૭/૧૧/૨૦૨૫
સ્થળ : ગારીયાધાર

**(હિતેષકુમાર રસીકલાલ ઠકકર)**
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
ગારીયાધાર
Code No.GJ01448